નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં અવિશ્વાસની દરખાસ્ત પર મતદાન અટકાવવા ભારે હોબાળો

નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં પોલીસની હાજરીમાં પથ્થરમારો, અટકાયત નહીં થતાં પોલીસની કામગીરી સામે સવાલો

200ના ટોળાએ ટેમ્પો ટ્રાવેલ્સને ઘેરી પથ્થરમારો કર્યો, નવ સભ્યોને ઉતરવા ન દીધા

(પ્રતિનિધિ) નસવાડી, તા.૪

નસવાડી જૂથ ગ્રામ પંચાયતના સરપંચ સામે રજૂ કરાયેલી અવિશ્વાસની દરખાસ્ત પર મતદાનની પ્રક્રિયા દરમિયાન ભારે હોબાળો અને તંગદિલી સર્જાઈ હતી. મતદાન માટે આવી રહેલા નવ જેટલા સભ્યોની ટેમ્પો ટ્રાવેલ્સને આશરે 200 લોકોના ટોળાએ ઘેરી પથ્થરમારો કર્યો હતો. જેમાં



ગાડીના કાચ તૂટી ગયા હતા. સભ્યોને એક કલાકથી વધુ સમય સુધી નીચે ઉતરવા દેવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ થયો છે.

સરપંચ સામે 12 સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી, જેના મતદાન માટે સવારે 11 વાગ્યાનો સમય નક્કી કરાયો હતો. ત્રણ સભ્યો અગાઉથી પંચાયત કચેરીએ પહોંચી ગયા હતા, જ્યારે અન્ય નવ સભ્યો ટેમ્પો ટ્રાવેલ્સમાં આવી રહ્યા હતા. આ દરમિયાન સરપંચના સમર્થકોના ટોળાએ ગાડીને ઘેરી પથ્થરમારો કર્યો હતો. ગાડીમાં મહિલા સભ્યો પણ હોવાથી તેઓ ભયભીત બન્યા હતા.

બીજી તરફ પંચાયત કચેરીમાં હાજર ત્રણ સભ્યો, તલાટી અને ચૂંટણી અધિકારીઓને અંદર પૂરી બહારથી તાળું મારી દેવામાં આવ્યું હોવાના પણ આક્ષેપ થયા છે. પોલીસની હાજરી હોવા છતાં સભ્યોને સુરક્ષિત રીતે મતદાન સ્થળે પહોંચાડવામાં આવ્યા ન હોવાની ફરિયાદ ઊઠી છે. મહિલા સભ્યોએ 181 અને 112 હેલ્પલાઈન પર જાણ કરી હતી.

૨૦૦ના ટોળાએ મતદાનથી રોક્યા, પોલીસ મૂકપ્રેક્ષક બની રહી: સુનિલભાઈ તડવી

સુનિલભાઈ તડવી ગ્રામ પંચાયત સદસ્ય ના જણાવ્યા મુજબ અમે આઠ સભ્યો ટેમ્પો ટ્રાવેલ્સમાં બેસીને ગ્રામ પંચાયત કચેરીના કેમ્પસની અંદર ઘુસ્તા ની સાથે જ 200 જેટલા લોકોનું ટોળું ઘસી આવ્યું અને પથ્થરમારો કર્યો સરપંચના સમર્થકો અને સરપંચ અમારી ગાડી ની આગળ ફરી વળ્યા અને અમને અવિશ્વાસનીય દરખાસ્તના મતદાન માટે ગ્રામ પંચાયત કચેરીમાં હાજર હોવા છતાંય મતદાન પ્રક્રિયામાં જવાના દીધા પોલીસ એ કાંઈ પણ કર્યું નહીં પોલીસ બંદોબસ્ત હોવા છતાંય પોલીસ કાર્યવાહી ના કરતા પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

સમય પૂર્ણ થતાં ટોળું હટી ગયું હતું, પરંતુ કચેરીનું તાળું તોડાવવું પડ્યું હતું. સમગ્ર ઘટનાને કારણે મતદાન થઈ શક્યું નહોતું. સભ્યોએ સરપંચ સામેની લડત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. હવે પોલીસ ફરિયાદ અને જવાબદારો સામેની કાર્યવાહી અંગે સૌની નજર છે.

પોપટ ગુમ થતાં પારેખ પરિવારની ૩.૧ લાખના ઈનામની જાહેરાત

ચાર દિવસથી પોપટની વિયોગમાં જેસિકાબેને અન્નનો દાણો પણ લીધો નથી

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૪

વડોદરાના સેવાસી રોડ પર રહેતા પારેખ પરિવારનો લાડકવાયો આફ્રિકન ગ્રે પોપટ લકુ છેલ્લા ચાર દિવસથી ગુમ થતાં પરિવાર ચિંતામાં મુકાયો છે. પક્ષીને શોધી આપનારને પરિવારે રૂ.1 લાખનું ઈનામ જાહેર કર્યું છે.

શાલીન પારેખ અને જેસિકા પારેખ માટે લકુ માત્ર પક્ષી નહીં, પરંતુ પરિવારના સભ્ય સમાન હતો. આશરે છ મહિનાની ઉંમરનો આ પોપટ મુંબઈથી રૂ.1.10 લાખમાં ખરીદ્યો હતો. તેની સંભાળ માટે જેસિકાબેને



ખાનગી શાળાની નોકરી પણ છોડી દીધી હતી. લકુ ગુમ થતાં ચાર દિવસથી જેસિકાબેને અન્નનો દાણો પણ લીધો નથી અને સતત તેને પાછો લાવવાની વિનંતી કરી રહ્યાં છે. પરિવારે આંખ પાસે ઈજાનું નિશાન, ચાંચ પર ખરબચડું ચિહ્ન અને પગમાં ખાસ રિંગને તેની ઓળખ ગણાવી છે. કોઈને લકુ અંગે માહિતી મળે તો પરિવારનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

ડભોઇના સત્યમ કોમ્પ્લેક્સમાં મોટા જથ્થાના સંગ્રહની ચર્ચા

ડભોઈમાં ફટાકડાના વેપારમાં સુરક્ષાના નિયમોનો ઉલાળિયો, તંત્ર સામે સવાલો

(પ્રતિનિધિ) ડભોઇ, તા.૪

દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે ડભોઇ શહેરમાં ફટાકડાના વેપારમાં સુરક્ષાના નિયમોનું પાલન થતું હોવા અંગે સવાલો ઊઠ્યા છે. શહેરમાં ઠેરઠેર સ્ટોલ અને દુકાનો શરૂ થઈ ગઈ છે, પરંતુ વેપારીઓએ જરૂરી લાયસન્સ અને મંજૂરીઓ મેળવી છે કે કેમ તે અંગે ચર્ચા જાગી છે.

ખાસ કરીને વેગા પાસે આવેલા સત્યમ કોમ્પ્લેક્સમાં મોટા પ્રમાણમાં ફટાકડાનો જથ્થો રાખી વેપાર થતો હોવાની ચર્ચા છે. આ કોમ્પ્લેક્સ અગાઉ પણ આર એન્ડ બી વિભાગની રોડ રેસા લાઈનની એનઓસી



સહિતના મુદ્દે વિવાદમાં રહ્યું હોવાનું કહેવાય છે. ત્યારે અહીં ફટાકડાના વેપાર માટે જરૂરી પરવાનગીઓ મેળવાઈ છે કે કેમ તેવા પ્રશ્નો ઊઠ્યા છે.

ફટાકડાના સંગ્રહ અને વેચાણ માટે ફાયર વિભાગની એનઓસી, જરૂરી લાયસન્સ તથા સુરક્ષાના ધારાધોરણોનું પાલન થાય છે કે કેમ તેની તપાસ જરૂરી બની છે.

દિવાળીના તહેવારમાં કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે નગરપાલિકા, ફાયર વિભાગ અને પોલીસ તંત્ર દ્વારા તમામ સ્ટોલ અને દુકાનોની સ્થળ તપાસ કરી જરૂરી મંજૂરીઓ ચકાસવામાં આવે તેવી માગ ઊઠી છે. નિયમોનું ઉલ્લંઘન જણાય તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવી જરૂરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગે અકોટીમાં ગટરલાઈન તૂટી, રસ્તા પર ગંદકી

(પ્રતિનિધિ) ડભોઇ, તા. ૪

ડભોઈથી કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા માર્ગ પર આવેલા અકોટી ગામમાં છેલ્લા ચાર દિવસથી ગટરલાઈન તૂટી જતાં ગંદા અને દુર્ગંધયુક્ત પાણી રસ્તા પર ફરી વળ્યાં છે. જેના કારણે સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગામમાં વારંવાર ગટરલાઈનનાં કામો કરવામાં આવતાં હોવા છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ આવતું નથી. ગટરલાઈનનાં કામના નામે ફાળવાતી ગ્રાન્ટના નાણાંનો દુરુપયોગ થતો હોવાના આક્ષેપો સાથે ગ્રામજનોએ સવાલો ઉઠાવ્યા છે.

સ્થાનિક બારિયા જેન્તીભાઈએ જણાવ્યું હતું કે



ગટરના પાણીની અસહ્ય દુર્ગંધ અને મચ્છરોના ઉપદ્રવથી બાળકોના આરોગ્ય સામે જોખમ ઊભું થયું છે. ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ પણ છે.

ગ્રામજનોએ સરપંચ, તલાટી અને તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક સ્થળ તપાસ, ગટરલાઈનનું સમારકામ અને ગ્રાન્ટના વપરાશની તપાસ કરવાની માગ કરી છે. સાથે જ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા અપીલ કરી છે.

રંગબેરંગી લાઇટિંગ અને સજાવટથી બજારોમાં દિવાળીનો માહોલ

દિવાળીની ખરીદીથી બોડેલીના બજારોમાં રોનક, ગ્રાહકોની ભીડથી વેપારીઓમાં ઉત્સાહ

(પ્રતિનિધિ) બોડેલી, તા.૪

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી નગરમાં દિવાળીના પર્વને લઈ બજારોમાં રોનક છવાઈ છે. તહેવાર નજીક આવતાં જ બજારો રંગબેરંગી રોશની અને આકર્ષક સજાવટથી ઝગમગી ઊઠ્યાં છે. દિવાળીની ખરીદી માટે બોડેલી તાલુકા સહિત આસપાસનાં ગામડાંમાંથી મોટી સંખ્યામાં લોકો બજારમાં ઉમટી રહ્યા છે.

બજારમાં કપડાં, મીઠાઈ, ફટાકડા, રંગોળી, દીવડા તેમજ સુશોભનની ચીજવસ્તુઓની દુકાનોમાં ગ્રાહકોની અવરજવર વધી છે. લોકો પરિવાર સાથે દિવાળીની ખરીદી કરવા



આવી રહ્યા હોવાથી બજારોમાં દિવસભર ચહલપહલ જોવા મળી રહી છે.

બીજી તરફ તહેવારને આવકારવા વેપારીઓએ પણ પોતાની દુકાનોને રંગબેરંગી લાઇટિંગ અને આકર્ષક સજાવટથી શણગારી છે. બજારોમાં વિવિધ ચીજવસ્તુઓની ખરીદી સાથે તહેવારનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

દિવાળીના પર્વને ઉત્સાહભેર ઉજવવા નગરજનોમાં ભારે ઉમંગ છે. બજારોમાં વધતી ગ્રાહકોની ભીડથી વેપારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સમગ્ર બોડેલી નગર દિવાળીના રંગે રંગાયું છે.

સંખેડામાં પ્રકાશના પર્વ દિવાળીના આગમન પૂર્વે રોશનીનો ઝગમગાટ



(પ્રતિનિધિ) સંખેડા, તા. ૪

સંખેડા - પ્રકાશના પર્વ એટલે દિવાળી. દિવાળીના આગમનને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સંખેડા નગરમાં ઠેર ઠેર રોશની કરવામાં આવી છે. સંખેડા ઉત્સવપ્રિય નગરી છે. દરેક તહેવારને પરંપરાગત રીતે તહેવારો ઉજવવામાં આવે છે.

સંખેડા ગામમાં પણ હવે દિવાળીના આગમનને આડે ગણતરીના જ દિવસો બાકી છે, તે પૂર્વે સંખેડા ગામની ભાગોળે આવેલા ગેટ ઉપર, ભાથીજી મહારાજના મંદિરે, સંખેડા ગ્રામ પંચાયત કચેરી ઉપર રોશની કરવામાં આવી છે.

આ સિવાય સંખેડા ગામની વચ્ચે આવેલા નવા ટાવરને તો દુલ્હનની જેમ શણગારીને રોશની કરાય છે. સંખેડા ગામના મુખ્ય માર્ગ ઉપર આવેલા ઘરના માલિકો દ્વારા પણ તેમના ઘરે ઉપર રંગબેરંગી લાઈટો લગાવીને રોશની કરાઈ છે. સંખેડાની વિવિધ સહકારી અને સરકારી કચેરીઓ ઉપર પણ રોશની કરાશે.

વડોદરા જિલ્લામાં લીગલ સર્વિસિસ ડેની ઉજવણીનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૪

નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટી અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરિટીના માર્ગદર્શન હેઠળ વડોદરા શહેર અને જિલ્લાના તમામ તાલુકાઓમાં તા. 3થી 9 નવેમ્બર દરમિયાન 'લીગલ સર્વિસિસ ડે' અંતર્ગત કાનૂની જાગૃતિ સપ્તાહનો પ્રારંભ થયો છે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ બી.જી. દવેના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ અભિયાનમાં કાનૂની શિબિરો, સેમિનારો અને લોકજાગૃતિ કાર્યક્રમો યોજાશે. નાગરિકોને કાનૂની અધિકારો, મફત કાનૂની સહાય અને ન્યાય મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન અપાશે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી ડી.વી. સાવલીયાએ નાગરિકોને લાભ લેવા અનુરોધ કર્યો છે.

ડભોઈ નગરપાલિકાના લાઇટ વિભાગના ઈન્ચાર્જને નોટિસ

ઇન્ચાર્જ મહેશ વસાવાને ફરજમાં બેદરકારી બદલ નોટિસ

(પ્રતિનિધિ) ડભોઇ, તા. ૪

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 31 ઓક્ટોબરે એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી યોજાઈ હતી. આ પ્રસંગે વડાપ્રધાન, મુખ્યમંત્રી સહિત દેશ-વિદેશના મહેમાનોની અવરજવરને ધ્યાનમાં રાખીને ડભોઇ નગરપાલિકા હદમાંથી પસાર થતા સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગને રોશનીથી શણગારવામાં આવ્યો હતો.

જોકે, નગરપાલિકાના લાઇટ વિભાગની કામગીરીમાં બેદરકારી સામે આવી હતી. નાંદોદી ભાગોળ પાસે બે વીજપોલની લાઇટો બંધ હતી, જ્યારે શિનોર ચોકડીથી સરિતા બ્રિજ સુધીની 12 જેટલી લાઇટો બંધ અને કેટલીક લાઇટો લબકારા મારતી જોવા મળી હતી.

આ અંગે લાઇટ વિભાગના ઈન્ચાર્જ કારકુન મહેશ હરજીભાઈ વસાવાને ચીફ ઓફિસર દ્વારા અગાઉ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં કામગીરીમાં ખામી રહેતાં નગરપાલિકાએ કાર્યવાહી હાથ ધરી છે. ચીફ ઓફિસરે 31-10-2026ના રોજ જાવક નંબર 1491/26-26થી ગુજરાત નગરપાલિકા અધિનિયમ, 1963ની કલમ 48 હેઠળ નોટિસ આપી 6-11-2026 સુધીમાં ખુલાસો માગ્યો છે.

આ કાર્યવાહીથી નગરપાલિકામાં ચર્ચા જાગી છે. હવે મહેશ વસાવા દ્વારા રજૂ કરવામાં આવતા ખુલાસા અને તંત્રના આગામી નિર્ણય પર સૌની નજર છે.

સરકારી કર્મચારીઓને દિવાળીની ભેટ, ૯ નવેમ્બરે પણ જાહેર રજા

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૪

ગુજરાત સરકારે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને સરકારી કર્મચારીઓને રાહત આપતો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે તા. 9 નવેમ્બર, સોમવારના રોજ સરકારી કચેરીઓમાં જાહેર રજા જાહેર કરી છે. દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજની રજાઓ વચ્ચે આવતી આ રજાથી કર્મચારીઓ પરિવાર સાથે વતનમાં તહેવારની ઉજવણી કરી શકશે.

આ રજાના બદલામાં તા. 28 નવેમ્બર, ચોથા શનિવારે તમામ સરકારી કચેરીઓ, પંચાયતો તેમજ રાજ્ય સરકારનાં બોર્ડ અને કોર્પોરેશનોમાં રાબેતા મુજબ કામકાજ ચાલુ રહેશે. સરકારના આ નિર્ણયથી કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે.

વાઘોડિયામાં રૂ.૭.૪૧ કરોડના એસ.ટી. ડેપોનું ખાતમુહૂર્ત

ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના હસ્તે ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. ૪

વાઘોડિયા ખાતે ગુજરાત રાજ્ય માર્ગ મકાન વિભાગ અને વડોદરા એસ.ટી. ડિવિઝન દ્વારા રૂ.7.41 કરોડના ખર્ચે આધુનિક એસ.ટી. ડેપો અને વર્કશોપનું નિર્માણ કરવામાં આવશે. ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના હસ્તે વિધિવત ખાતમુહૂર્ત અને તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

કુલ 13,365 ચોરસ મીટર વિસ્તારમાં આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચરથી આ સુવિધાસભર ડેપો તૈયાર થશે. ગ્રાઉન્ડ ફ્લોરમાં ડેપો મેનેજરની ઓફિસ, સ્ટોર રૂમ, ટાયર-બેટરી રૂમ, ઓઇલ રૂમ



તેમજ બસોના સમારકામ માટે આધુનિક લોંગ પીટ બનાવવામાં આવશે. પ્રથમ માળે કર્મચારીઓ માટે રેસ્ટ રૂમ, વહીવટી કચેરી, રેકોર્ડ રૂમ અને બુકિંગ રૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

પ્રસંગે નગરપાલિકા પ્રમુખ બ્રિજેશભાઈ ગોસ્વામી, તાલુકા પંચાયત પ્રમુખ જયાબેન વસાવા સહિત એસ.ટી. વિભાગના અધિકારીઓ, આગેવાનો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવા વર્કશોપથી બસોના નિયમિત મેન્ટેનન્સમાં ઝડપ આવશે અને કર્મચારીઓ તથા મુસાફરોને વધુ સારી સુવિધાઓ મળશે.

અકોટાના સ્વદેશી મેળામાં પરંપરાગત વુડ વર્કની કલાત્મક કૃતિઓની અનોખી ઝલક

ત્રણ પેઢીથી લાકડાના નકશીકામનો વારસો જાળવતા પિયુષભાઈનો સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર

(પ્રતિનિધિ) વડોદરા, તા.૪

વડોદરાના અકોટા ખાતે યોજાઈ રહેલા સ્વદેશી મેળામાં હસ્તકળા અને પરંપરાગત કારીગરીનો અનોખો સમન્વય જોવા મળી રહ્યો છે. મેળામાં બોટાદ જિલ્લાના પિયુષભાઈ સોલંકીનો લાકડાના નકશીકામનો સ્ટોલ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તેમના પરિવારની છેલ્લી ત્રણ પેઢીથી આ કળા સાથે સંકળાયેલી છે.

પિયુષભાઈએ જણાવ્યું હતું કે, તેઓ પરિવારની ત્રીજી પેઢી તરીકે લાકડાના નકશીકામ અને વુડ વર્કની પરંપરાને આગળ ધપાવી રહ્યા છે. આ કામગીરીમાં પરિવારના સભ્યો ઉપરાંત પાંચ



કુશળ કારીગરો પણ જોડાયેલા છે.

તેમના સ્ટોલમાં લાકડામાંથી ઝીણવટભેર તૈયાર કરેલી વિવિધ કલાત્મક વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે. જેમાં સુંદર ફ્રેમ, આકર્ષક ડોરબેલ, પશુ-પક્ષીઓની કલાકૃતિઓ, મૂર્તિઓ સહિતની હોમ ડેકોર અને દૈનિક વપરાશની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. પરંપરાગત કારીગરી અને આધુનિક ડિઝાઇનના સમન્વયથી તૈયાર થયેલી આ કૃતિઓ વડોદરાવાસીઓનું ધ્યાન ખેંચી રહી છે. આમ, પિયુષભાઈનો સ્ટોલ સ્વદેશી મેળાની શોભામાં વધારો કરી રહ્યો છે.

આયોજનના અભાવે વડોદરામાં નવી PM ઈ-બસોનું આગમન અટક્યું

ગોત્રી ચાર્જિંગ સ્ટેશનની ક્ષમતા મર્યાદિત, નવી જગ્યા હજુ નક્કી નથી



(પ્રતિનિધિ) વડોદરા, તા. ૪

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આયોજનના અભાવે શહેરમાં નવી PM ઈ-બસો લાવવાની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે. વધુ ઈ-બસો માટે રેલવે સ્ટેશન સામે ચાર્જિંગ સ્ટેશન બનાવવાનું આયોજન હતું, પરંતુ ત્યાં હવે સિટી સ્પર બનાવવાનું નક્કી થતાં ચાર્જિંગ સ્ટેશનની શક્યતા અટકી છે.

વહીવટી તંત્ર દ્વારા પશ્ચિમ ઝોનમાં નવી જગ્યા શોધવાની વાત કરવામાં આવી રહી છે, પરંતુ હજુ સુધી સ્થળ નક્કી થયું નથી. હાલમાં ગોત્રી ખાતે કાર્યરત ચાર્જિંગ સ્ટેશનમાં આશરે 80 બસો ચાર્જ થઈ શકે છે અને શહેરમાં પણ આશરે 80 PM ઈ-બસ દોડી રહી છે.

શહેરના નાગરિકોની સુવિધા માટે કુલ 250 નવી PM ઈ-બસો લાવવાનું આયોજન હતું, પરંતુ જરૂરી માળખાકીય સુવિધાના અભાવે તેમાં વિલંબ થઈ રહ્યો છે. હાલમાં આશરે 70 જૂની બસો અને 80 ઈ-બસ મળીને કુલ 150 બસો દોડી રહી છે. નવી બસો ક્યારે આવશે તે અંગે અનિશ્ચિતતા યથાવત્ છે.

સીસીટીવી ફૂટેજના આધારે ડભોઇ પોલીસે અજાણ્યા આરોપીઓને શોધવા તપાસ હાથ ધરી

ડભોઈમાં વૃદ્ધાને છેતરી સાડા ત્રણ તોલા સોનું ઓગાળી ગઠિયા ફરાર

(પ્રતિનિધિ) ડભોઇ, તા.૪

ડભોઈના ઝારોલાવાગા વિસ્તારમાં સોનાના દાગીના ચમકાવી આપવાના બહાને એક વૃદ્ધા સાથે છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. બે અજાણ્યા ગઠિયાઓ પાંચ તોલાની ચાર સોનાની બંગડીઓમાંથી સાડા ત્રણ તોલા જેટલું સોનું ઓગાળી ફરાર થઈ જતાં ચકચાર મચી છે.

ઝારોલાવાગામાં વિશ્વકર્મા મંદિર પાસે એકલાં રહેતાં 70 વર્ષીય હેમલતાબેન ચંપકલાલ શાહ (ભક્તિવાળા) ઘરે હતાં ત્યારે બપોરે આશરે 1:30 વાગ્યે બે અજાણ્યા શખસો આવ્યા હતા. બંનેએ પોતે દાગીના ચમકાવવાનું કામ કરતા હોવાનું જણાવી વૃદ્ધાનો વિશ્વાસ



જીત્યો હતો. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને કાળી પડી ગયેલી સોનાની બંગડીઓ ચમકાવી આપવાની વાત કરતાં હેમલતાબેને પોતાની ચારેય બંગડીઓ તેમને આપી હતી.

બાદમાં ગઠિયાઓએ કેમિકલયુક્ત પ્રવાહીમાં બંગડીઓ નાખી સોનું ઓગાળી લીધું હતું. ત્યારબાદ ઓછી જાડાઈ ધરાવતી ચમકદાર બંગડીઓ વૃદ્ધાને પરત આપી બંને શખસો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. થોડા સમય બાદ બંગડીઓનું વજન ઓછું જણાતાં હેમલતાબેનને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું.

બનાવની જાણ થતાં ડભોઈ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસે આસપાસનાં સીસીટીવી કેમેરાનાં ફૂટેજ મેળવી અજાણ્યા ગઠિયાઓની ઓળખ કરી તેમને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી છે. દિવસ દરમિયાન બનેલી આ ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી છે.